દિવ્ય ભાસ્કર, અમદાવાદ ૨૨ પેજ.
તારીખ :- ૦૭/૦૩/૨૦૨૬.

મેચને પગલે સ્ટેડિયમની અંદર-બહાર લોખંડી બંદોબસ્ત

# ફુલપ્રૂફ ફાઈનલ: 2 હજાર પોલીસ, 270 કેમેરાથી પ્રેક્ષકો પર મોનિટરિંગ

**ક્રાઈમ રિપોર્ટર, અમદાવાદ |** નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રવિવારે ટી20 વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં વીઆઈપી સહિત 1 લાખથી વધુ લોકો આવવાના હોવાથી શહેર પોલીસે સુરક્ષાનો એક્શન પ્લાન તૈયાર કરી દીધો છે, જેમાં સાત ડીસીપી, 10 એસીપી, 25 પીઆઈ, 78 પીએસઆઈ, 1470 કોન્સ્ટેબલ-હેડ કોન્સ્ટેબલ મળી કુલ બે હજાર પોલીસ કર્મચારીઓ, ચાર બોમ્બ સ્ક્વોડ, એક એનડીઆરએફની ટીમ પણ તહેનાત રહેશે.

## સ્ટેડિયમમાં 4 બોમ્બ સ્ક્વોડ, NDRFની ટીમ પણ તહેનાત રહેશે

### સ્ટેડિયમ ગેટ નંબર-1થી 100 મીટર દૂર બેરિકેડ મૂકી પ્રવેશ અપાશે, 8 પાર્કિંગ પ્લોટમાં એપથી સ્લોટ બુક થશે

નરેન્દ્ર મોદી સ્ટેડિયમના ગેટ નંબર 1 પાસે ધક્કામુક્કી ન થાય તે માટે 100 મીટર આગળ બેરિકેડ્સ મૂકી ત્યાંથી જ પ્રવેશ અપાશે. સ્ટેડિયમમાં પ્રેક્ષકો પર નજર રાખવા સ્પેશિયલ કંટ્રોલ રૂમ બનાવાયો છે, જેમાં બેઠેલી ટીમ 270 કેમેરાથી સતત મોનિટરિંગ કરશે. સ્ટેડિયમના દોઢ કિમી વિસ્તારમાં 6 હજાર વાહન પાર્ક થઈ શકે તેવાં કુલ 8 પ્રાઈવેટ પાર્કિંગ પ્લોટ છે, જેના સ્લોટ માય પાર્ક એપથી ઓનલાઈન બુક કરી શકાશે. ચાર પાર્કિંગ પ્લોટ ફોરવ્હીલરના અને બે પાર્કિંગ પ્લોટ ટુવ્હીલરનાં રહેશે.

### મેટ્રો રાતે 12.30 સુધી દોડશે, રૂ.50માં એડવાન્સ ટિકિટ

મેચ પૂરી થયા પછી સ્ટેડિયમથી પરત ફરનારા મુસાફરોની ભીડને ધ્યાનમાં રાખીને મેટ્રો સેવા રાત્રે 12.30 વાગ્યા સુધી કાર્યરત રહેશે. સ્ટેડિયમથી એપીએમસી સુધી મેટ્રો રાત્રે 10થી 12.30 વાગ્યા સુધી દોડશે. ઉપરાંત જૂની હાઈકોર્ટ ઈન્ટરચેન્જથી વસ્ત્રાલ ગામ અને થલતેજ ગામ તરફની સેવાઓ પણ રાત્રે 12.50 વાગ્યા સુધી રહેશે. ગાંધીનગરના મુસાફરો માટે સ્ટેડિયમથી મહાત્મા મંદિર સુધી રાત્રે 11.40 અને 12.10 વાગે બે વધારાની ટ્રેન દોડાવાશે. પેસેન્જર રૂ. 50ની એડવાન્સ ટિકિટ પણ લઈ શકશે.

### ટ્રાફિક જનપથ ટી-મોટેરા ગામ રોડ સવારે 10થી બંધ

મેચને પગલે જનપથ ટીથી મોટેરા સ્ટેડિયમ મુખ્ય ગેટથી કૃપા રેસિડન્સીથી મોટેરા ગામ સુધીનો આવવા-જવાનો રસ્તો વાહનોની અવરજવર માટે સવારે 10 વાગ્યાથી મોડી રાત્રે 2 વાગ્યા સુધી બંધ રહેશે. વાહનચાલકો વૈકલ્પિક માર્ગમાં તરીકે તપોવન સર્કલથી વિસતથી જનપથ થઈ પાવર હાઉસ, પ્રબોધ રાવળ સર્કલ તથા કૃપા રેસિડન્સીથી ભાટ કોટેશ્વર રોડ, એપોલો સર્કલ તરફ અવરજવર કરી શકશે. ટ્રાફિકના એક જેસીપી, ત્રણ ડીસીપી, પીઆઈ, પીએસઆઈ સહિત કુલ 800 અધિકારી-કર્મચારીઓ હાજર રહેશે.

### ફાયર સ્ટેડિયમમાં 8 ગાડી સાથે 55 ફાયર અધિકારી- કર્મચારીઓ ખડેપગે રહેશે

સ્ટેડિયમના ચારેય ગેટ પાસે ફાયરનું એક વાહન તથા પાર્કિંગ પ્લોટમાં પણ ફાયરનાં વાહન ઊભાં રખાશે. આ સાથે જ સ્ટેડિયમની અંદર 55 ફાયર અધિકારી-કર્મચારીઓ ખડેપગે રહેશે. ડિવિઝનલ ફાયર ઓફિસ સ્વસ્તિક જાડેજાના જણાવ્યા અનુસાર, મેચને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગે ફાયર સેફ્ટી સર્ટિફિકેટનું ઓડિટ કર્યું છે. સાથે જ ઈમર્જન્સીમાં ત્યાંના સ્ટાફે શું કરવું જોઈએ તેની ટ્રેનિંગ પણ આપી છે. બિલ્ડિંગની અંદર ઈલેક્ટ્રિક સમસ્યાનો સામનો કરવા માટે ફાયર એક્સ્ટીંગ્વિશર, ફાયર ફાયટિંગ હાઈડ્રન પોઈન્ટ, વોટસ સ્પ્રિંકલર ફિક્સ કરેલા છે.

## મેચને પગલે 4 સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન, 7 માર્ચથી બુકિંગ શરૂ થશે, તેજસમાં પણ 268 સીટ વધારાઈ